ડાયરેક્ટ કટિંગથી અઢી લાખ કટ્ટા ગાયબ?

# કતારગામ સરકારી અનાજ કૌભાંડનો છેડો વરાછા નવાગામ ગોડાઉન સુધી

**રાશન** દુકાન K-40ના પરવાનેદાર પર ફોજદારી ગુનો નહીં; બે વર્ષથી ચાલતી ગેરરીતિનો આક્ષેપ

**ગરીબોના** હક્કના અનાજ પર માફિયાગીરીનો શંકાસ્પદ ખેલ, છતાં કાર્યવાહી શૂન્ય

### કાગળ પર અલગ અલગ જથ્થો દર્શાવી માલ એક જ જગ્યાએ ઉતારાય છે

આ સમગ્ર ગોટાળાનો સ્રોત વરાછા વિસ્તારમાં આવેલા નવાગામ ગોડાઉન સાથે જોડાયેલો હોવાની પણ ચર્ચા છે. ગોડાઉનમાંથી જથ્થો 'ડાયરેક્ટ કટિંગ' પદ્ધતિથી કાગળ પર અલગ-અલગ દુકાનોના નામે દર્શાવી ગેરરીતે ખસેડવામાં આવતો હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. માહિતી મુજબ K-40 દુકાન પરના તોલાટ પર આ સમગ્ર ગોટાળામાં મુખ્ય ભૂમિકા ભજવવાનો આક્ષેપ છે. સાથે જ ડોર-સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાક્ટર અને ગોડાઉન મેનેજરની સંભવિત મિલીભગત અંગે પણ ચર્ચાઓ ચાલી રહી છે.

### ટ્રક જપ્ત છતાં ગુનો કેમ નહીં?

મુખ્ય પ્રશ્ન એ છે કે જ્યારે બિનવારસી ટ્રક જપ્ત થયો, સ્ટોકમાં ગોલમાલ હોવાનું અને ગોટાળાની કડી સ્પષ્ટ દેખાઈ રહી છે. ત્યારે અત્યાર સુધી કોઈ ફોજદારી ગુનો નોંધવામાં આવ્યો કેમ નથી? જવાબદારો સામે કાયદેસર કાર્યવાહી શા માટે અટકેલી છે? આ મુદ્દે અન્ન નાગરિક પુરવઠા વિભાગની કામગીરી પર શંકાની આંગળી ઉઠી રહી છે. જો આટલા મોટા પાયે ગેરરીતિ સામે આવ્યા પછી પણ કાર્યવાહી થતી ન હોય, તો તંત્રની નિષ્ક્રિયતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

### ગરીબોના હકના અનાજ પર ડાકો

સરકારી રાશન વ્યવસ્થાનો મુખ્ય હેતુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સસ્તા દરે અનાજ ઉપલબ્ધ કરાવવાનો છે. પરંતુ જો આ જ અનાજ ગેરરીતે ગાયબ થતું હોય, તો તે માત્ર વહીવટી ખામી નહીં પરંતુ ગરીબોના હક પર સીધો ડાકો ગણાય. હવે નજર સુરત જિલ્લા અન્ન નાગરિક પુરવઠા તંત્ર પર છે કે તે પારદર્શક તપાસ કરી સમગ્ર કૌભાંડનો ભેદ ખુલ્લો પાડે છે કે નહીં, કે પછી આ ગંભીર મામલો પણ કાગળોની ફાઈલોમાં જ દટાઈ જશે.

સુરતઃ કતારગામ વિસ્તારમાં સરકારી સસ્તા અનાજનો જથ્થો સગેવગે થતો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ છેલ્લા બે વર્ષથી ઘઉં અને ચોખાના જથ્થામાં મોટા પાયે ગેરરીતિ ચાલી રહી હતી. અંદાજે દર મહિને હજારો કટ્ટા ગાયબ થતા હોવાના દાવા વચ્ચે આ કૌભાંડનો આંકડો અઢી લાખ કટ્ટા સુધી પહોંચ્યો હોવાની ચર્ચાએ અન્ન નાગરિક પુરવઠા તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી અનુસાર 12 ફેબ્રુઆરી 2026ના રોજ રાશન દુકાન નં. K-40 પર સરકારી અનાજ ગેરવલ્લે થતું હોવાની બાતમી મળતા સુરત જિલ્લા અન્ન નાગરિક પુરવઠા વિભાગ દ્વારા અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન બિનવારસી ટ્રક જપ્ત કરવામાં આવી હતી અને દુકાનના સ્ટોક તેમજ દસ્તાવેજોની સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જથ્થામાં વધારો-ઘટાડો, ચલણમાં ગડબડ તેમજ સ્ટોક રજિસ્ટરમાં અસંગતતા જેવી પ્રાથમિક ગેરરિતી સામે આવી હોવાની ચર્ચા છે. છતાં, આટલી ગંભીર બાબતો સામે આવ્યા બાદ પણ હજુ સુધી કોઈ ફોજદારી ગુનો નોંધાયો નથી. પરિણામે સમગ્ર મામલે તંત્રની ભૂમિકા પર સીધો સવાલ ઊભો થયો છે. ખાનગી સૂત્રો જણાવે છે કે K-40 દુકાન પર ગોડાઉનથી નિયમિતપણે 35થી 40 કટ્ટાના ચલણ જનરેટ થતા હતા. ત્યારબાદ અન્ય દુકાનોના નામે પણ સમાન જથ્થાનું 'ડાયરેક્ટ કટિંગ' કરવામાં આવતું. કાગળ પર આ જથ્થો અલગ-અલગ દુકાનોમાં વિતરણ થયેલો બતાવવામાં આવતો, જ્યારે હકીકતમાં જથ્થો એક જ સ્થળે ઉતારી ગેરરીતે સગેવગે કરવામાં આવતો હતો. આ પદ્ધતિ છેલ્લા લગભગ બે વર્ષથી ચાલી રહી હોવાનો આક્ષેપ છે. અંદાજે દર મહિને 10,000 જેટલા કટ્ટા ઘઉં-ચોખા ગાયબ થતા હોવાની ચર્ચા છે. જો આ આંકડા સાચા સાબિત થાય, તો બે વર્ષમાં અઢી લાખ કટ્ટા સુધીનો જથ્થો ગાયબ થયો હોવાનો સંભાવિત અંદાજ સામે આવે છે. જે માત્ર ગેરરીતિ નહીં પરંતુ આયોજિત સ્તરનું વિશાળ કૌભાંડ ગણાય.

# ટી-૨૦ ફાઈનલ માટે બે અસ્થાયી હોસ્પિટલ બનશે

**ગાયક** અરિજીતસિંહ, ગાયિકા ફાલ્ગુની પાઠક પર્ફોમ કરશે

**દર** 100 મીટરે બેરિકેડિંગ, 2000 પોલીસ જવાનો તૈનાત રહેશે

અમદાવાદ : અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી 8 માર્ચે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચને લઈને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ મહામુકાબલાની શરૂઆત ભવ્ય સેરેમની અને મેગા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે થશે. ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસે સ્ટેડિયમમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

મળતી માહિતી મુજબ ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચના મહામુકાબલાની શરૂઆત ભવ્ય સેરેમની અને મેગા સાંસ્કૃતિક કાર્યક્રમમાં જાણીતા ગાયક અરિજીતસિંહ, લોકપ્રિય ગાયિકા ફાલ્ગુની પાઠક અને આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મન્સ આપશે.

1.25 લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં યોજાનાર આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે સ્ટેજ, લાઈટિંગ અને સાઉન્ડ સિસ્ટમની આખરી તૈયારીઓ ચાલી રહી છે.

અમદાવાદ શહેર પોલીસના ઝોન-2ના ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું કે, ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસે પણ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારમાં ત્રણ સ્તરની ચેકિંગ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. આશરે 200 સીસીટીવી કેમેરા અને ડ્રોન સર્વેલન્સ દ્વારા સતત નજર રાખવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થામાં 1 જેસીપી અને 7 ડીસીપી મોનિટરિંગ કરશે, જ્યારે 14 એસીપી, 30 પીઆઈ અને 91 પીએસઆઈ સહિત 2000થી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. સ્ટેડિયમની બહાર ભીડ નિયંત્રણ માટે દર 100 મીટરે બેરિકેડિંગ કરવામાં આવ્યું છે અને 20 હજાર વાહનો પાર્ક થઈ શકે તેવી વિશાળ પાર્કિંગ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

પોલીસે પ્રેક્ષકોને પ્રતિબંધિત વસ્તુઓ સાથે ન આવવા અને પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. સ્ટેડિયમમાં પાણીની બોટલ, બેનર કે ફેંકી શકાય તેવી વસ્તુ લાવવા પર પ્રતિબંધ રહેશે, જ્યારે માત્ર કાપડનો બનાવેલો ભારતનો ધ્વજ જ લઈ જવાની મંજૂરી આપવામાં આવશે. તબીબી સુવિધા માટે 6 મેડિકલ સ્ટોલ, 2 ટેમ્પરરી હોસ્પિટલ અને 6 આઈસીયુ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે.

# નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જના ડીઆઈજી બનાવાયા

**ગુજરાતમાં** ૩૭ આઈપીએસ અધિકારીઓની એકસાથે બદલી

ગાંધીનગર,તા.6ઃ રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં લાંબા સમયથી અપેક્ષિત મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં કુલ ૩૭ આઈપીએસ અધિકારીઓની એકસાથે બદલી કરીને વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર નવી નિમણૂક કરવામાં આવી છે. આ બદલાવમાં કેટલાક હોદ્દાઓને અપગ્રેડ તથા ડાઉનગ્રેડ પણ કરવામાં આવ્યા છે.આ ફેરફાર અંતર્ગત નિર્લિપ્ત રાયને રાજ્ય મોનીટરિંગ સેલમાંથી બદલીને રાજકોટ રેન્જના ડીઆઈજી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજકોટ રેન્જનું આ પદ અગાઉ અશોકકુમારની બદલી પછી ખાલી પડ્યું હતું, જેને હવે ડાઉનગ્રેડ કરીને નિર્લિપ્ત રાયને સોંપવામાં આવ્યું છે. અશોકકુમારને હવે ગુપ્તચર વિભાગના પોલીસ મહાનિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

| નામ | હાલની પોસ્ટિંગ | બઢતી/બદલી |
|---|---|---|
| શમશેર સિંઘ | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | ડાયરેક્ટર, સિવિલ ડિફેન્સ અમદાવાદ |
| અશોક કુમાર | IGP, રાજકોટ રેન્જ | IGP, CID (ઈન્ટેલિજન્સ), ગાંધીનગર |
| ગગનદીપ ગંભીર | IGP (એડમિન), ગાંધીનગર | IGP, સ્ટેટ મોનિટરિંગ સેલ (વધારાનો હવાલો) |
| ગૌતમકુમાર એમ. પરમાર | IGP, ભાવનગર રેન્જ | IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર |
| રાઘવેન્દ્ર વત્સ | JCP (ક્રાઇમ), સુરત શહેર | IGP, અમદાવાદ રેન્જ |
| નિલેશ બી. જાજડિયા | IGP, જૂનાગઢ રેન્જ | JCP (સેક્ટર-2, લો એન્ડ ઓર્ડર), વડોદરા |
| બિપિન એસ. અહિરે | એડિ.ડાયરેક્ટર, ACB, અમદાવાદ | IGP, સાયબર સેન્ટર, ગાંધીનગર |
| પી. એલ. માલ | IGP, કોસ્ટલ સિક્યુરિટી, અમદાવાદ | એડિશનલ ડાયરેક્ટર, ACB, અમદાવાદ |
| એન. એન. ચૌધરી | JCP (ટ્રાફિક), અમદાવાદ | IGP, ઈન્ટેલિજન્સ-૨, ગાંધીનગર |
| એ. જી. ચૌહાણ | IGP (જેલ), અમદાવાદ | JCP (ટ્રાફિક), અમદાવાદ |
| આર. વી. અસારી | IGP, પંચમહાલ-ગોધરા રેન્જ | IGP, ભાવનગર રેન્જ |
| કે. એન. ડામોર | JCP, સેક્ટર-૨, સુરત | IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર |
| મકરંદ જી. ચૌહાણ | જોઇન્ટ ડાયરેક્ટર, ACB, અમદાવાદ | DIGP (લો એન્ડ ઓર્ડર), ગાંધીનગર (બઢતી) |
| પરીક્ષિતા વી. રાઠોડ | IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર | IGP, બનાસકાંઠા રેન્જ, પાલનપુર |
| વિધિ ચૌધરી એડિશનલ | CP (સ્પેશિયલ બ્રાન્ચ), અમદાવાદ | DIGP, પંચમહાલ-ગોધરા રેન્જ |
| વિશાલકુમાર બી. વાઘેલા | DIGP (આર્મડ યુનિટ્સ), ગાંધીનગર | DIGP, સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર |
| ડો. લીના પાટીલ | એડિ.CP (ક્રાઇમ/લો એન્ડ ઓર્ડર), વડોદરા | પ્રિન્સિપાલ, ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ |
| નિર્લિપ્ત રાય | DIGP, સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર | DIGP, રાજકોટ રેન્જ |
| દીપકકુમાર વી. મેઘાણી | DIGP (લો એન્ડ ઓર્ડર), ગાંધીનગર | જોઇન્ટ ડાયરેક્ટર, ACB, અમદાવાદ |
| મહેન્દ્ર બગડિયા | એડિ.CP (ક્રાઇમ/ટ્રાફિક/એડમિન), રાજકોટ | એડિશનલ CP, સેક્ટર-૨, સુરત |
| હિતેશકુમાર એચ. જોયસર | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP, ઈન્ટેલિજન્સ-1, ગાંધીનગર |
| ડો. તરુણ દુગ્ગલ | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | એડિ. CP (એડમિનિસ્ટ્રેશન), અમદાવાદ |
| ચૈતન્ય આર. માંડલીક | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | એડિ. CP (ટ્રાફિકા એડમિન), રાજકોટ |
| સરોજ કુમારી | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP (જેલ), વડોદરા |
| રાજેન્દ્રસિંહ ચુડાસમા | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP, જૂનાગઢ રેન્જ |
| આર. પી. બારોટ | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP (જેલ), અમદાવાદ |
| ડો. જી. એ. પંડ્યા | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP (જેલ), રાજકોટ |
| આર. ટી. સુસરા | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | એડિ.CP (સ્પેશિયલ બ્રાન્ચ), અમદાવાદ |
| સુધા એસ. પાંડે | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP (આર્મડ યુનિટ્સ), વડોદરા |
| સુજાતા મઝમુદાર | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DIGP (આર્મડ યુનિટ્સ), ગાંધીનગર |
| સુધીરકુમાર જે. દેસાઇ | DIGP (ઇન્ટેલિજન્સ), ગાંધીનગર | એડિ.CP (સેક્ટર-1 અને ટ્રાફિક), વડોદરા |
| બલરામ મીના | ADC, રાજ્યપાલશ્રી (લોકભવન) | એડિશનલ CP, સેક્ટર-1, સુરત |
| કરણરાજ વાઘેલા | એડિ.CP (ઇકોનોમિક વિંગ), સુરત | એડિશનલ CP (ક્રાઇમ), સુરત |
| એસ. વી. પરમાર | DIGP, SRPF ગ્રુપ-15, મહેસાણા | એડિશનલ CP (ટ્રાફિક), સુરત |
| એ. એમ. મુનિયા | DIGP, SRPF ગ્રુપ-5, ગોધરા | સુરત DIGP, કોસ્ટલ સિક્યુરિટી, અમદાવાદ |
| મયુર જી. પાટીલ | વેઈટિંગ ફોર પોસ્ટિંગ | DCP ઝોન-8, અમદાવાદ |
| વાબંગ જમીર | સ્પેશિયલ CP, સેક્ટર-1, સુરત | વેઈટિંગ ફોર પોસ્ટિંગ |

# પારો 38 ડિગ્રીને પાર, 11મી સુધી હીટવેવની ચેતવણી

**ભાવનગર,** અમરેલી, રાજકોટ, મહુવા અને અમદાવાદમાં 38 ડિગ્રી સાથે માથું ભમાવતી ગરમી

**મોટા ભાગનાં** શહેરોમાં પારો 35 ડિગ્રીની આસપાસ, કેશોદમાં રાત્રે 15.1 ડિગ્રીએ ઠંડી

ગાંધીનગરઃ રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો સતત ઊંચો જવા લાગ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 35થી 38 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતાં લોકો ગરમીનો અનુભવ કરવા લાગ્યા છે. ભાવનગરમાં 38 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે કેશોદમાં 15.1 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના આંકડા મુજબ ભૂજમાં 35 ડિગ્રી, નલિયામાં 31 ડિગ્રી, કંડલા પોર્ટ પર 35 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી, રાજકોટ, મહુવા અને અમદાવાદમાં પણ 38 ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું હતું. પોરબંદરમાં 37 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 37 ડિગ્રી, ડીસામાં 37 ડિગ્રી, ગાંધીનગરમાં 37 ડિગ્રી અને વડોદરામાં પણ 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિગ્રી, સુરતમાં 36 ડિગ્રી તેમજ દમણમાં 34 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી તરફ નલિયામાં 20 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતીકાલ 7 માર્ચ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારો તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે, જેના કારણે લોકોને અસહજતા અનુભવાઈ શકે છે. ખાસ કરીને દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમી અને ભેજના કારણે ઉકળાટભર્યું વાતાવરણ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત હવામાન વિભાગે 7થી 11 માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હીટવેવ જેવી સ્થિતિ સર્જાવાની ચેતવણી પણ ઈશ્યુ કરી છે. સૌરાષ્ટ્રના ભાવનગર, પોરબંદર અને વેરાવળ સહિતના વિસ્તારોમાં તેમજ દક્ષિણ ગુજરાતના ભરુચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ ગરમીની લહેર જોવા મળી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે લોકોને બપોરના સમયે તાપથી બચવા, પૂરતું પાણી પીવા અને અનાવશ્યક રીતે બહાર ન નીકળવાની સલાહ પણ આપી છે.

# આજથી બે દિવસ માહિમ અને સાંતાક્રુઝ વચ્ચે મેગા બ્લોક

સુરત : પશ્ચિમ રેલ્વેના લાખો મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રેલવેના ટ્રેક, સિગ્નલિંગ અને ઓવરહેડ સાધનોની જાળવણી માટે આગામી 7 અને 8 માર્ચની મધ્યરાત્રિએ માહિમ અને સાંતાક્રુઝ સ્ટેશનો વચ્ચે 'નાઈટ જમ્બો બ્લોક' લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે આ નાઈટ બ્લોકને કારણે રવિવાર, 8 માર્ચના રોજ પશ્ચિમ રેલ્વે પર દિવસ દરમિયાન કોઈ બ્લોક રહેશે નહીં.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, આ બ્લોક શનિવાર અને રવિવાર ની રાત્રે 01:00 થી 04:30 વાગ્યા સુધી અપ અને ડાઉન સ્લો લાઈન પર રહેશે. બ્લોક દરમિયાન ડાઉન સ્લો લાઈનની તમામ ટ્રેનોને મુંબઈ સેન્ટ્રલ અને સાંતાક્રુઝ વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે.પ્લેટફોર્મની લંબાઈ ઓછી હોવાના કારણે ડાયવર્ટ કરાયેલી ટ્રેનો લોઅર પરેલ, માહિમ અને ખાર રોડ સ્ટેશનો પર 'ડબલ સ્ટોપ' લેશે.

જ્યારે પ્લેટફોર્મની અનુપલબ્ધતા ને કારણે મહાલક્ષ્મી, પ્રભાદેવી અને માટુંગા રોડ સ્ટેશનો પર ટ્રેનો થોભશે નહીં.આ બ્લોક દરમિયાન કેટલીક ઉપનગરીય (લોકલ) ટ્રેનો રદ કરવામાં આવી છે.

# મુંબઈ, પુણે અને અમદાવાદ વચ્ચે દોડશે 4 સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો

**ધસારાને** પહોંચી વળવા રેલવેનો મોટો નિર્ણય, બુકિંગ આજથી શરૂ

સુરતઃ રાજ્યમાં વધી રહેલા મુસાફરોના ધસારા અને ટ્રેનોમાં જોવા મળતી લાંબા વેઈટિંગ લિસ્ટને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા આગામી દિવસોમાં અમદાવાદથી મુંબઈ (બાંદ્રા અને CSMT) તેમજ પુણે વચ્ચે ચાર નવી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા મુજબ આ ટ્રેનો ખાસ ભાડા સાથે દોડશે અને તેનું બુકિંગ આવતીકાલે એટલે કે 7 માર્ચથી શરૂ કરી દેવામાં આવશે.

અમદાવાદ અને મુંબઈ વચ્ચે મુસાફરોની સતત માંગને જોતા બે અલગ-અલગ એસી સુપરફાસ્ટ ટ્રેનો ફાળવવામાં આવી છે. ટ્રેન નં. 09029 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ 8મી માર્ચના રોજ મધ્યરાત્રિએ ઉપડી સવારે અમદાવાદ પહોંચશે, જ્યારે વળતી ટ્રેન 9મી માર્ચે વહેલી સવારે અમદાવાદથી રવાના થશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસીથી લઈ થ્રી-ટાયર એસી સુધીની સુવિધા મળશે. તેવી જ રીતે, બીજી એસી સ્પેશિયલ (ટ્રેન નં. 09043/44) પણ 9મી માર્ચે દોડશે જે બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા જેવા મુખ્ય સ્ટેશનો પર વિરામ લેશે.

માત્ર મુંબઈ જ નહીં, પરંતુ પુણે અને દક્ષિણ મુંબઈ (CSMT) જનારા મુસાફરો માટે પણ રાહતના સમાચાર છે. અમદાવાદ-CSMT સ્પેશિયલ ટ્રેન (01154) 9મી માર્ચે અમદાવાદથી સવારે 4 વાગ્યે ઉપડી બપોરે 12:55 વાગ્યે મુંબઈ પહોંચશે. આ ટ્રેનમાં મુસાફરોને એસી 3-ટાયર ઈકોનોમી કોચની સુવિધા મળશે. બીજી તરફ, પુણે જતી ટ્રેન (01418) 9મી માર્ચે વહેલી સવારે 2 વાગ્યે અમદાવાદથી ઉપડશે. આ ટ્રેન લોનાવલા અને કલ્યાણ થઈને પુણે પહોંચશે, જેમાં એસી કોચની સાથે સ્લીપર અને જનરલ ક્લાસના ડબ્બાઓ પણ રાખવામાં આવ્યા છે, જેથી મધ્યમ વર્ગના મુસાફરોને મોટો ફાયદો થશે.

આ તમામ સ્પેશિયલ ટ્રેનો માટે ટિકિટ બુકિંગ 7 માર્ચ, 2026થી ખુલી જશે. મુસાફરો રેલવેના પીઆરએસ કાઉન્ટર અથવા IRCTCની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાની ટિકિટ કન્ફર્મ કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે, વીકેન્ડ અને તહેવારોના સમયે ટ્રેનોમાં ભારે ભીડ રહેતી હોય છે, ત્યારે રેલવેના આ નિર્ણયથી હજારો પ્રવાસીઓને રાહત મળશે અને તેમને મુસાફરી માટે વધારાના વિકલ્પો ઉપલબ્ધ થશે.

# યુનિ.માં નોન-ટીચિંગ સ્ટાફનો થર્ડ પાર્ટી મારફતે નિમણૂકનો વિરોધ

**250થી** વધુ કર્મચારીઓએ કુલપતિ કચેરીની બહાર ધરણાં કર્યા

**12-20** વર્ષથી સેવા આપતા સ્ટાફે કહ્યું, નવી શરતોને કારણે નોકરી પર સંકટ



### સરકારના આદેશથી ખાનગી એજન્સી મારફતે જ નિમણૂક: કુલપતિ

કુલપતિએ કર્મચારીઓને જણાવ્યું કે પગાર અને ઓવરટાઇમ સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને બેઠક બોલાવી તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે તેમણે જણાવ્યું કે સરકારના આદેશ અનુસાર હવે નોન-ટીચિંગ સ્ટાફને સીધા કોન્ટ્રાક્ટ પર રાખી શકાય તેમ નથી અને ખાનગી એજન્સી મારફતે જ નિમણૂક કરવાની પ્રક્રિયા અપનાવવી પડશે.

સુરતઃ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં શુક્રવારે નોન-ટીચિંગ સ્ટાફે થર્ડ પાર્ટી કંપની મારફતે નિમણૂક કરવાની પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કર્મચારીઓએ જણાવ્યું કે ગયા મહિને તેમને 'સ્ક્વાયર એન્ટરપ્રાઈઝ' નામની થર્ડ પાર્ટી કંપનીનું ફોર્મ ભરવા માટે આપવામાં આવ્યું હતું. આ ફોર્મથી તેમને ખબર પડી કે હવે તેમની નિમણૂક યુનિવર્સિટીના સીધા કોન્ટ્રાક્ટ પર નહીં પરંતુ ખાનગી કંપની મારફતે કરવામાં આવશે. કંપનીની શરતોમાં કામનું મૂલ્યાંકન કરીને કોઈ પણ સમયે સેવા સમાપ્ત કરી શકાય તેવા પ્રાવધાન હોવાને કારણે કર્મચારીઓમાં અસુરક્ષાની ભાવના ઉભી થઈ છે. કર્મચારીઓનું કહેવું છે કે ઘણાં સ્ટાફ છેલ્લા 12થી 20 વર્ષથી યુનિવર્સિટીમાં સેવા આપી રહ્યા છે.

આવા સંજોગોમાં નવી શરતો હેઠળ ફરીથી કામનું મૂલ્યાંકન કરીને પગાર નક્કી કરવાનો નિર્ણય તેઓને સ્વીકાર્ય નથી.

કર્મચારીઓએ જણાવ્યું કે ઘણી વખત તેઓ સવારથી લઈને રાત્રે 10 વાગ્યા સુધી કામ કરે છે, પરંતુ ક્યારેય વધારાના ભથ્થાની માંગ કરી નથી.

પ્રદર્શન દરમિયાન કર્મચારીઓએ ફેબ્રુઆરી મહિનાનો પગાર હજુ સુધી ચૂકવાયો નથી તે મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તે ઉપરાંત એક કર્મચારીએ પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્ર લઈ જવાની ફરજ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

કર્મચારીઓએ સાંજે 6 વાગ્યા સુધી કુલપતિ કચેરી બહાર ધરણાં ચાલુ રાખ્યા હતા.

# ક્રૂડ મોંઘું થતા યાર્નમાં રૂ. 15નો ઉછાળો

**યાર્નના** રેટ મુજબ ગ્રે કાપડના ભાવો રાખવામાં નહીં આવે તો વિવર્સને તાળાં મારવાની સ્થિતિ આવશેઃ મયૂર ગોળવાલા

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન સામે છેડાયેલા યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવોમાં વધારો થયો છે. આની અસર મધ્યપૂર્વના દેશોમાંથી આવતા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ અને તેમના વેસ્ટમાંથી બનતા યાર્નના કાચા માલ PTA, MEG અને MELTના ભાવો પર પડી છે. પરિણામે, યાર્નની ચિપ્સ મોંઘી થઈ છે.

સચિન ઈન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સોસાયટીના સેક્રેટરી અને અગ્રણી વિવર મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, યાર્ન મેન્યુફેક્ચરર ઈન્ટરનેશનલ માર્કેટના રોજબરોજના ચિપ્સના રેટ મુજબ યાર્નના નવા ભાવ આપી રહ્યાં છે. ડીલર યાર્ન રેટ એટલે કે, ઓન્લી રેડી ડેલીવરીનો રેટ વસૂલી રહ્યાં છે. મોટાભાગના યાર્નની ક્વોલિટીના ભાવો સીધા કિલોએ 15 રૂપિયા વધી ગયા છે. શોપિયા, સેમીડન, 38 ગ્રામ, ચાઈનોન સહિતની ક્વોલિટીના ભાવો વધી રહ્યાં છે.

યુદ્ધ લાંબુ ચાલે તો વિવર્સ મુશ્કેલીમાં મુકાશે. કારણ કે, કારીગરો હોળી પર્વની ઉજવણી માટે વતન ગયા છે. પ્રોડક્શન 30થી 40% ઓછું ચાલી રહ્યું છે. અમે વિવર્સને વિનંતી કરી છે કે, યાર્નના વધતા ભાવ મુજબ જ એક સમાન ગ્રે કાપડનો ભાવ કરવાથી બજારની વર્તમાન સ્થિતિમાં ટકી શકાશે. જો વિવર્સ આ વેપાર ધારા મુજબ કામ નહીં કરે તો વિવર્સને કારખાનાને તાળા મારવાની સ્થિતિ આવશે.

# સુરેન્દ્રનગરના 1500 કરોડના જમીન કૌભાંડમાં 182 પાનાંની ચાર્જશીટ

**ડે. મામલતદાર** ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાનેથી રૂા. 67.50 લાખની રોકડ જપ્ત થઈ હતી

અમદાવાદ : સુરેન્દ્રનગરમાં સામે આવેલા અંદાજે 1500 કરોડના જમીન એન.એ. કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી) દ્વારા અમદાવાદની સ્પે. કોર્ટ સમક્ષ 182 પાનાની વિગતવાર ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. ઈડીની તપાસ મુજબ જમીન એન.એ. કરવાની પ્રક્રિયામાં ચોક્કસ દરે લાંચ લેવામાં આવતી હતી અને તે રકમની અંદરખાને વહેંચણી પણ નક્કી કરવામાં આવી હતી. ઈડીના જણાવ્યા અનુસાર વસૂલાત થયેલી રકમમાંથી જિલ્લા કલેક્ટરને 50 ટકા, નિવાસી અધિક કલેક્ટરને 25 ટકા, મામલતદારને 10 ટકા, નાયબ મામલતદારને 10 ટકા અને ક્લાર્કને 5 ટકા હિસ્સો આપવામાં આવતો હતો.આ એનએ કૌભાંડમાં તત્કાલીન કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલ, કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટર રાજેન્દ્ર ઓઝા, મામલતદાર મયુર દવે, એન.એ. શાખાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી અને એન.એ. શાખાના કારકુન મયુરસિંહ ગોહિલની સંડોવણી હોવાનું ચાર્જશીટમાં દર્શાવવામાં આવ્યું છે.

ઈડીની તપાસમાં ખુલ્યું છે કે ચાર્જશીટ મુજબ મયુરસિંહ ગોહિલ, ચંદ્રસિંહ મોરી અને જયરાજસિંહ ઝાલા સમગ્ર લાંચ વ્યવહારનો હિસાબ સંભાળતા હતા. હિસાબી વિગતો વ્હોટ્સએપ મારફતે તેમજ પ્રિન્ટઆઉટ સ્વરૂપે અધિકારીઓને આપવામાં આવતી હતી. ઓફિસનો સમય પૂર્ણ થયા બાદ રોકડ રકમ અધિકારીઓને પહોંચાડવામાં આવતી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. તપાસ દરમિયાન ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાનેથી રૂા. 67.50 લાખની રોકડ , એનએ સંબંધિત જમીનના દસ્તાવેજો, હિસાબી નોંધપોથી અને ડિજિટલ રેકોર્ડ સહિત મહત્વપૂર્ણ પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. ઈડીના જણાવ્યા મુજબ 5 ડિસેમ્બર 2024 થી 25 નવેમ્બર 2025 દરમિયાન જ લાંચરૂપે વસૂલાત થયેલી રકમ 9.70 કરોડથી વધુ હોવાનું સામે આવ્યું છે.

આ પહેલા ઈડી દ્વારા સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની અટકાયત કરવામાં આવી હતી.

સાથે જ તત્કાલીન સિટી મામલતદાર મયુર દવે, કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા અને ક્લાર્ક મયુરસિંહ ગોહિલની સંડોવણી સામે આવતા તેમની સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ચાર્જશીટ બાદ સુરેન્દ્રનગર જમીન કૌભાંડ મામલે વધુ મોટા ખુલાસાઓ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને પગલે વહીવટી તંત્રમાં પણ ભારે ચકચાર મચી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### પૂજા સામગ્રી...

ટીમે ધીરજ રાખીને સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું હતું. થોડા સમયની મહેનત બાદ તેમને 500 રૂપિયાની નોટના ચાર બંડલ મળી આવ્યા હતા, જે કુલ મળીને 2 લાખ રૂપિયા હતા.

આ રોકડ રકમ ફાયર બ્રિગેડે લિંબા પરિવારને પરત આપી હતી. પરિવારના સભ્યોએ આ મુશ્કેલ સમયમાં મદદ માટે ડુંભાલ ફાયર બ્રિગેડના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેમની કામગીરીને બિરદાવી હતી.

### સુલતાનાબાદના નરેન્દ્ર...

નીહાળી છે. આમ તો તેઓ દરેક મહત્વની મેચ સ્ટેડિયમ પર જઇને જ જોવાનું પસંદ કરે છે. પરંતુ ટી-20ની દરેક ફાઇનલમાં સ્ટેડિયમમાં હાજર રહેવાનો રેકોર્ડ તેમના નામે બની ગયો છે. તેઓ એવું માને છે કે સ્ટેડિયમમાં મોટી ટુર્નામેન્ટ નીહાળવાનો જે આનંદ મળે છે તે ટીવી પર મળતો નથી. 2011માં ધોનીની કેપ્ટનશીપમાં જ્યારે ભારત ટી-20માં વર્લ્ડ કપ ચેમ્પિયન બન્યું હતું તેમાં ઓસ્ટ્રેલિયા- ઇન્ડિયા વચ્ચેની ક્વાર્ટર ફાઇનલ તેમણે અમદાવાદમાં, પાકિસ્તાન-ઇન્ડિયા વચ્ચેની સેમીફાઇનલ મોહાલીમાં અને શ્રીલંકા-ઇન્ડિયા વચ્ચેની ફાઇનલ વાનખેડે સ્ટેડિયમમાં બેસીને નીહાળી હતી.

### વર્ગ-૧૨ સાયન્સ...

જોઈને અમે ખુશ થઈ ગયા, કારણ કે 'Health is Wealth' જેવા સામાન્ય વિચારોને સરળતાથી વિસ્તારી શકાય છે. પાઠ્યપુસ્તક અને સામાન્ય જ્ઞાન આધારિત આ વિષયને કારણે વિદ્યાર્થીઓને લખવામાં વધુ સરળતા અનુભવાઈ હતી. શારીરિક અને માનસિક આરોગ્ય, સંતુલિત આહાર, વ્યાયામ, તણાવ વ્યવસ્થાપન અને નિયમિત જીવનશૈલી જેવા મુદ્દાઓને સરળતાથી સમાવી શકાય તેવો વિષય હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓએ સારું પ્રદર્શન કર્યું હોવાનું માનવામાં આવે છે.

### વર્ગ-૧૦ ગણિતનું...

પસંદ કરવામાં પણ સરળતા રહી. આનાથી પાસિંગ રેશિયોમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.

### આટલા વિદ્યાર્થીઓ...

અંગ્રેજી દ્વિતીય ભાષાના પેપરમાં 9956માંથી 9932 વિદ્યાર્થી હાજર, તો માત્ર 24 વિદ્યાર્થી ગેરહાજર હતા.

### UPSCમાં સુરતના...

ફરજ બજાવતા ૨૬ વર્ષીય મિહિર રાજેન્દ્રભાઈ પટેલે ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) ૭૦૯ હાંસલ કર્યો છે. મિહિર પટેલના પરિવારમાં મમ્મી ભાવનાબેન અને મોટી બહેન ધ્રુવી છે. તેમણે વર્ષ 2020માં B.E ઈન ITની સ્નાતક ડિગ્રી મેળવી એ જ વર્ષે અમદાવાદ સ્પીપામાં સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી માટે પ્રવેશ મેળવ્યો હતો. 1 વાર નિષ્ફળતા, 3 વાર પ્રિલિમ્સ પાસ કર્યા બાદ પાંચમાં પ્રયાસે મિહિરે AIR 709 મેળવી પરિવાર સહિત રાજ્યને ગૌરવ અપાવ્યું છે.

### સ્વનિરીક્ષણ અને...

સાથે અભ્યાસ કરતા હતા. તેમણે ભાર મૂક્યો કે પરિણામલક્ષી નહીં, પરંતુ પ્રયત્નલક્ષી પરિશ્રમ કરવો જોઈએ. સ્વનિરીક્ષણ અને સતત સુધારા (અપગ્રેડેશન)થી આગળ વધવું જરૂરી છે. મદદનીશ નોંધણી નિરીક્ષક ડો. દિવ્યેશ પટેલ, હેડ ક્વાર્ટર સબ રજિસ્ટ્રાર અજિતસિંહ રાઠોડ, સબ રજિસ્ટ્રાર અંજનાબેન મોંગલપરા તથા નોંધણી વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને મિત્રોમંડળે મિહિર પટેલને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### 1 એપ્રિલથીAIXની...

ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા હાલમાં 2 ફ્લાઈટ ચલાવવામાં આવે છે.

1 એપ્રિલથી એર ઈન્ડિયા એક્સપ્રેસની એક વધારાની ફ્લાઈટ શરૂ થતાં આ એરલાઈનની ફ્લાઈટોની સંખ્યા 3 થશે. એટલે કે બંને એરલાઈન મળીને સુરત-દિલ્હી વચ્ચે કુલ અંદાજે 7 દૈનિક ફ્લાઈટ ઉપલબ્ધ થશે.

વિમાન સમયપત્રક મુજબ ઈન્ડિગોની ફ્લાઈટો સવારે, સાંજે અને રાત્રે ઉપલબ્ધ હોવાથી મુસાફરોને દિવસ દરમિયાન વિવિધ સમયના વિકલ્પ મળે છે, જ્યારે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટો પણ મધ્યાહ્ન અને સાંજના સમયગાળા આવરી લે છે.

સુરતના વેપારીઓ, હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો માટે દિલ્હી મહત્વપૂર્ણ વ્યાવસાયિક કેન્દ્ર છે. વધતી ફ્લાઈટ સેવા કારણે વેપારી મુસાફરી, સરકારી કામકાજ તેમજ કનેક્ટિંગ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે સુરતના મુસાફરોને વધુ સુવિધા મળશે.